# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સારા માણસોને રાજકારણે પેસવા નહીં દે!
ને પેસે તો આ અઠંગો શાંતિથી બેસવા નહીં દે!
ચઢાવી દે છે આ કોર્ટના ચક્રાવે વગર ગુન્હે -
સુશાસનના આસને નિરાંતે બેસવા નહીં દે!
(અરવિંદની આફતો)

હાઈકુ

'યોગ દિન' ને
- થયા નહીં માપમાં
ધર્મ ના વાધા..

'ગૃહ' - 'પ્રવેશે'
'સોમનાથ' - ચર્ચામાં
વિના કારણ..

## ચિંતન

**બલવાનપિ નિસ્તેજાઃ કસ્ય નાભિ ભવાસ્યદમ્ । નિઃ શંકં દીયતે લોકૈઃ પશ્ય ભસ્મચયે પદમ્ ॥**

બળવાન હોય પણ દેખાવે-વર્તને નિસ્તેજ હોય તેવા માણસનો સૌ અનાદર કરે છે અને તિરસ્કારને પાત્ર પણ બને છે. દા.ત. અગ્નિ વિનાનો રાખનો મોટો ઢગલો હોય તો પણ લોકો તેના પર નિશ્ચિંત રીતે પગ મૂકે છે પરંતુ નાના હોય અને સળગતો હોય તો એવા અંગારાથી પણ લોકો દૂરથી - સાચવીને ચાલે છે.

એક નૂર આદમી હજાર નૂર કપડાં માણસ જાતે શક્તિમાન-બળવાન હોય પણ દેખાવે એકલબાંધાનો કે આકર્ષક ન હોય તો લોકો એનો ઓળખ્યા-સમજ્યા વિના અનાદર - ઉપેક્ષા કરે છે સંત સાદો ફકીરી વેશમાં હોય તો એને કોઇ ખાસ માન-પાન આપતા નથી પણ આશારામ-નારાયણની જેમ જરકોશી જામા-મુગટ જેવા ઠાઠથી રહેતા હોય તો સૌ તેને માને છે.

આજના જમાનામાં નેતાઓ પણ માર્કેટીંગથી જીતી જાય છે સાચા માર ખાઇ જાય છે. લુચ્ચાં-દંભી-જુઠા માત્ર વાતોની લબાડીથી પૂજાય છે.

અહીં - રાખના ઢગલા અને નાના અંગારાનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- ભાગ્યના સહારે બેસી રહ્યા વગર સખત પરિશ્રમ કરવો જોઇએ, જો તમે તમારા ભાગ્ય પર વિશ્વાસ કર્યા વગર સખત મહેનત કરો છો તો તમે ભાગ્યને પણ ઘુંટણ ટેકવવા મજબૂર કરી શકશો અને તમે શ્રેષ્ઠ બની જાવ છો - **ડો. પોખરિયાલ**
- સફળતા એક સતત ચાલનારી પ્રક્રિયા છે. તેને ટકાવી રાખવા માટે તમારા પ્રયાસોમાં ભૂલથી પણ શિથિલતા ન આવવી જોઇએ - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વસરુપી નદી તો સર્વને માટે સરખી રીતે જ વહે છે.. જો તમે તેનાથી તમારી પરિસ્થિતિ, ક્ષમતા અને આવશ્યકતાના પ્રમાણમાં પાણી લેવાનો પ્રયત્ન નહીં કરો તો એમાં દોષ તમારો જ.. - **પ્લુટાર્ક**
- અનુભવની શાળામાં જે પાઠ શીખવામાં આવે છે.. તે પુસ્તકો અને વિશ્વવિદ્યાલયમાં નથી મળતાં - **જનકલ્યાણ**
- આકૃતિ જોઇને, ભાવને ઓળખીને, વાણી પરખીને, રુપમાં બદલાવ જોઇને, આંખનો ઇશારો જોઇને, અનુમાનની મદદ લઇને હોંશિયાર માણસ કોઇના પણ મનના ભાવો સમજી જાય છે - **હૃદયસૂત્ર**
- કોઇ બદમાશ વ્યક્તિ પર ક્રોધ કરો છો તો પછી ક્રોધ ઉપર જ કેમ ક્રોધ નથી કરતા? ક્રોધથી વધારે ખરાબ કોણ છે? - **વિદૂર**
- મુશ્કેલી ભર્યા દિવસો - કાયમ નથી રહેતાં, પણ હિંમતવાળા લોકો કાયમ રહે છે - **બંગાલી કહેવત**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ઇશ્વરને પ્રાર્થના કરી અને આપણે જે યાચના કરીએ છીએ તે આપણી સંકુચિત બુદ્ધિ અને વૃત્તિથી કરીએ છીએ અને એમાંય માત્ર ભૌતિક સુખો અને વિલાસી બાબતો જ હોય છે એનાં કરતાં 'ઇશ્વરેચ્છા' થી જે આપે-મળે તેમાં આનંદ-સંતોષ રાખવો. ઇશ્વરને એની ઇચ્છા પ્રમાણે આપવાની જ પ્રાર્થના કરો...

એક દુકાનનાર પાસે માતા અને એનો નાનો પુત્ર ખરીદી કરવા દૂકાને ગયા. વેપારીએ બિલ બનાવી બાળકના હાથમાં આપ્યું. વેપારીનો સરવાળો ખોટો હતો. બીલ ઓછુ બનાવ્યું. છોકરાએ ભૂલ શોધી આપી.

વેપારીએ ખૂશ થઇ ચોકલેટની બરણી ખોલી કહ્યું, લે તારે હાથે મુઠ્ઠીભરી તું જાતે ચોકલેટ લઇ લે.

બાળક કહે ના તમે તમારે હાથેથી મને ચોકલેટ આપો અને વેપારીએ મુઠ્ઠી ભરી - બાળકનો બે હાથનો ખોબો ભરાઇ ગયો..

રસ્તામાં માએ પુત્રને કહ્યું, તને તારે હાથે ચોકલેટ લેવા કહ્યું છતાં તે કેમ લીધી અને વેપારીને એને હાથે આપવા કેમ કહ્યું?

બાળક કહે - મારે એક નાના હાથે તો માંડ ૪-૫ ચોકલેટ આવે પણ વેપારી જાતે આપે તો મારો ખોબો ભરાઇ જાયને??

ઇશ્વરના હાથ મોટો છે એવી સમજ આપણને કયારે આવશે?

Email - sureshchandrabhatt18@gmail.com

# આપણા દેશના લોકોનું આયુષ્ય, બીજા દેશોના લોકો કરતાં ટૂંકું કેમ?

## તંદુરસ્ત સમાજ

- રાજેશ એસ. પટેલ

ગયા અંકમાં આપણે જોયું કે આપની ઉંમર આપણા જન્મ સમયે નક્કી થાય છે. આપણી ઉંમર નક્કી કરવામાં આપણી રહેણી કરણી, ખોરાક, વાતાવરણ, માન્યતાઓ વગેરે બાબતો ભાગ ભજવે છે. ઉપરની બાબતોની સંયુક્ત અસર રૂપે ૩૪ પેઢી પછી ઉંમર વધ ઘટ થાય છે. બાળક પેદા કરવાના સમયે માંબાપની શર્રીરિક અને માનસિક તંદુરસ્તીની અસર તેમના આવનારા બાળકની ઉંમર અને તેના સ્વાસ્થ્ય ઉપર થાય છે. આજના સમયની એ તાતી જરૂરીયાત છે કે લગ્ન વખતે છોકરાછોકરીની જન્મ કુંડળીની જગ્યાએ તેમના શારીરિક સ્વસ્થતાના રીપોર્ટ ચેક કરવા જરૂરી છે. તેમની શારીરિક સ્વસ્થતાની થોડી ઉણપ તેમની ભાવી પેઢીને તેઓ ભયંકર નુકશાન વારસામાં આપે છે.

આ અંકમાં હવે આ બાબતો કઈ રીતે ભાગ ભજવે છે તે થોડું સરળ ભાષામાં સમજીશું, જોઈશું. પ્રથમ જોઈએ આપણી રહેણી કરણી બાબતે. રહેણી કરણી મતલબ રોજીંદી પ્રવૃત્તિઓ તમે કેવી રીતે કરો છો તે. રોજીંદી પ્રવૃત્તિઓમાં સવારે ઉઠવાથી લઈને સાંજે સુઇ જઈએ તે દરમિયાન કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ.

સવારે ઉઠવું, યોગ પ્રાણાયમ કરવા, કસરત કરવી, ચાલવા અથવા દોડવા જવું., સ્નાન કરવું, નાસ્તો કરવો, ઓફીસ જવું. ઓફીસ જવા ઉપયોગમાં લેવાતી પદ્ધતિ, બપોરનું ભોજન, દિવસ દરમિયાન થતો શારીરિક શ્રમ, સાંજનું વાળું, તેની પદ્ધતિ, ખોરાક, અને વહેલા અથવા મોડા સુઈ જવું. આવી દરેક બાબતો આપણા શરીરના સ્વાસ્થ્ય ઉપર અસર કરે છે.

તમને થશે આ બાબતો વળી આપણી ઉંમર સાથે કઈ રીતે જોડાય ?અહી એ જોવાનું છે કે જે દેશોના લોકોનું જીવન લાંબુ હોય છે તે દેશના લોકોની રહેણી કરણી અને આપણી રહેણી કરણીમાં શું ફરક છે.



જો તમે આપણા દેશના લોકોની રહેણી કરણી અને લાંબુ આયુષ્ય ધરાવતા દેશોના લોકોની રહેણી કરણીનો તફાવત જોશો તો તમને ઘણો બધો ફરક દેખાશે. અને આ ફરક તમારા લાંબા ટૂંકા આયુષ્ય માટે જવાબદાર છે.

લાંબુ આયુષ્ય ધરાવતા દેશોના લોકો શારીરિક કસરત, જીમમાં જવું, સ્વીમીંગ, દોડવું, સાઈકલનો ઉપયોગ કરવો આ બાબતમાં વધુ જાગૃત છે. હવે તો એ લોકો આપના દેશ કરતાં વધુ યોગ પ્રાણાયામનો ઉપયોગ કરે છે. દુનિયાની અમુક કોલેજોમાં તો યોગ ફરજીયાત વિષય છે. જયારે આપના દેશમાં ? કેટલું છે તે તમે નક્કી કરો. આવી એક એક નાની બાબતો તમારા લાંબા આયુષ્યમાં પણ અસર કરે છે.

હવે ખોરાક વિષે વાત કરીએ. આપના દેશમાં મળતો જનરલ ખોરાક સૌથી વધુ પ્રદુષિત હોય છે. જયારે વિકસિત દેશોના લોકોના ખોરાક સૌથી ઓછા પ્રદુષિત છે. ભેળસેળનું જેટલું પ્રમાણ ભારતમાં છે તેટલું પ્રમાણ કદાચ વિશ્વના કોઈ દેશમાં નહિ હોય.

આપણે આપણી આવતી પેઢીઓનું આયુષ્ય લાંબુ કરવું હોય તો ખોરાકમાં થતી ભેળસેળનું પ્રમાણ ઘટાડવું પડશે. ખેતીવાડી માં છાંટવામાં આવતા ઝેરી દવાઓનો ડોઝ ઓછો કરવો પડશે. જાગૃત દેશોમાં જે દવાઓ ઉપર પ્રતિબંધ છે તે દવાઓ આપના દેશમાં ભરપુર માત્રામાં ખેતીમાં ઉપયોગ થાય છે જે છેવટે આપણી પેઢીનું સત્યાનાશ વાળશે તેમાં કોઈ બે મત નથી.

હવે જોઈએ વાતાવરણ. વાતાવરણએ આપણા આયુષ્યનું સૌથી મહત્વનું પાસું છે. એવું કહેવાય છે કે ગુજરાતની કેમિકલ ફેકટરીઓની અંકલેશ્વર જેવી વસાહતમાં જે લોકો રહે છે તેમનું આયુષ્ય ૧૫ થી ૨૦ વર્ષ ઓછું થઈ જાય છે. આવું કેમ ?

જે લોકોની પ્રદુષણ અટકાવાની જવાબદારી છે તે ફેકટરીના માલિકો, સરકારી અધિકારીઓ, સરકારી અધિકારીઓના કામમાં આડખીલી રૂપ બનતા રાજકીય વગદારો વગેરે સંયુક્ત રીતે તેના માટે જવાબદાર છે.

હવે જોઈએ માન્યતાઓ. આજે તો બાળક જન્મે અને તેના નામથી લઈ તેના લગ્ન માટે તેના ઉપર પ્રભાવ પાડનારા ગ્રહો ઉપર આધાર રાખવા વાળા નાના માણસથી લઈ મોટામાં મોટા લોકો ગ્રહોના પ્રભાવ નીચે જીવી રહ્યા છે.

બાળક ભણવામાં નબળો છે. તો દોષ તેના ગ્રહો ઉપર, તેને ઘરના લોકો સાથે બનતું નથી, ગ્રહોનો દોષ, તેનો સ્વભાવ ખરાબ છે ગ્રહોનો દોષ, નોકરી ધંધામાં મજા નથી ગ્રહોનો દોષ.

બિચારા ગ્રહો. લાખો કરોડો કિલોમીટર દુર બેઠેલા છે તેમને તમારી જિંદગીના નાના મોટા બધાજ પરિણામો માટે તેમને દોષ દઈએ છીએ.

જો બધું ગ્રહો જ કરતા હોય તો આપણે કશું કરવાની જરૂર જ નથી.

આપનો દેશ વિવિધ ધર્મ અને સંપ્રદાયો વાળો દેશ છે. પુરાણ કાળથી અમુક માન્યતાઓ આપણા સમાજમાં ઘર કરી ગઈ છે. જેમકે આખી જીન્દગી ગમે તેટલા પાપ કરેલા હશે તો પણ ગંગામાં ડૂબકી લગાવો અને આખી જિંદગીના પાપમાં થી મુકત થાઓ. ગંદી ગંગામાં સ્નાન કરી પાપ ધોઈ નાખો તેવી અંધ શ્રદ્ધા ફેલાવનારા આપના કહેવાતા ધર્મ ગુરુઓ પણ ઓછા દોષિત નથી. દુષિત ગંગા સ્નાન કરી અસાધ્ય રોગોમાં પટકાવા કરતાં સ્નાન ના કરી શરીર સાચવવામાં નવ ગુણ છે.

વધુમાં કર્મકાંડનું ફળ આપણને સારું મળે છે, તેવી આશામાં કરવામાં આવતું કર્મકાંડ તમને ખોટી આશાઓમાં બાંધી રાખે છે અને તમે તેના ભોગ બનો છો.

પરિક્ષાના દિવસોમાં અમુક જ્ઞાનીઓ વિદ્યાર્થીઓને ફલાણા દિવસે ફલાણા રંગના કપડા પહેરીને જવું. ફલાણા દેવની પૂજા કે સ્તુતિ કરી જવું તો પરિક્ષા સારી જાય. વિદ્યા વધુ ચઢે તે માટે ફલાણા નંગની વીંટી પહેરો, ફલાણા જાપ કરવો વગેરે વગેરે જેવા સલાહ સૂચનો એ પણ જાણીતા અખબારોમાં લેખના સ્વરૂપે છપાય અને મોટા ભાગના લોકો તેને માનીને અમલ કરે આવું તો આપના દેશ સીવાય ક્યાય ન જોવા મળે. કેવી કેવી માનસિકતા કહેવાતા આપણા લોકોના આમ જનતાના મનમાં ભેળવી રહ્યા છીએ.

આવી માનસિકતાઓ શરીરની બાબતમાં પણ છે. રોગ થયો હોય અને ભુવા પાસે જવા વાળા લોકો પણ આપણા દેશમાં છે. વિધી વિધાન કરી તમારા શારીરિક પ્રૌ હલ કરાવો તેવી થોક બંધ જોહેરાતો આપના છાપાઓમાં આવે છે. આ બધું તમને લાંબુ આયુષ્ય નહિ અપાવી શકે. વાસ્તવિકતાઓ નહિ સમજો, તો તમે તો દુઃખી થાઓ છો પણ તમારા કુટુંબને ખુબજ ખરાબ પરિસ્થિતિમાં મુકીને તમે સ્વર્ગે કે નરકે સીધાવો છો.

કર્મકાંડ, ધર્મના રક્ષકો વગેરે સૌથી વધારે બીમાર છે અને કર્મના ફળનો હિસાબે તમને રોગ થયા છે તેવું આમ જનતાના મગજમાં ઠસાવી દેવું સામાન્ય થઈ ગયું છે. હવે આવી પરિસ્થિતિમાં દેશના લોકોનું આયુષ્ય લાંબુ થાય તેવી આશાઓ રાખવી એ જ ભૂલ ભરેલું છે.

શું આપ ઈચ્છો છો તમારી નવી પેઢી લાંબુ જીવે, સ્વસ્થ જીવે. તો ઉપર બતાવેલી વાસ્તવિકતાઓને સમજવાની કોશિશ કરો. થોડી સામાન્ય બુદ્ધિ લડાઓ. નવી પેઢી પાસે વાસ્તવિકતાના પાઠ ભણો અને કમસે કમ નવી પેઢી ઉપર, ઉપર બતાવેલી બાબતો છોડી દો. એક બાજુ તમે તમારી પેઢીને ભણાવી ગણાવીને આધુનિક બનાવા માગો છો અને તમેજ તમારા વારસદારોની જીન્દગી ટૂંકાવી રહ્યા છો.

આજના સમયે આવી કહેવાતી નાની બાબતો તમારી જીન્દગી ટૂંકાવી રહી છે તે સમજો અને વાસ્તવિકતાઓ તરફ થોડું જોવાનું રાખો...

# સાબરકાંઠા જિલ્લાના કવિ પ્રતાપસિંહ રાઠોડ 'સારસ્વત' નો અમૃત મહોત્સવ પ્રાંતિજ ખાતે યોજાયો

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દસેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સમાચાર સેતુ

મા ગુર્જરીના સાહિત્યને સમૃદ્ધ અને ગૌરવવંતુ રાખી, તેન હરપળ-હરઘડી મ્હોરતું અને ફોરતું રાખવા; ગાંધીનગર સાહિત્યસભા તરફથી અવારનવાર યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમો પૈકી, "સર્જકની કેફિયત" કાર્યક્રમ અંતર્ગત; સાહિત્ય સભાના સભ્ય અને જાણીતા કવિ - સાહિત્યકાર ફિલિપ કલાર્કના વકતવ્ય અને તેમના સ્વમુખે કાવ્યપઠનનો એક કાર્યક્રમ, સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્તાને, તા. ૧૪-૬-૨૦૧૫ ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે - સિનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યાલયમાં - તેમનાં સદ્ભાવથી યોજવામાં આવેલ છે, તેમાં ઉપસ્થિત રહેવાનું પાટનગર ગાંધીનગરના તમામ સાહિત્ય પ્રેમીઓને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

------

- જાણીતા સાહિત્યકાર ડો. કેશુભાઇ દેસાઇને તાજેતરમાં ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના હસ્તે 'સારસ્વત એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. ગાંધીનગરમાં વસેલ ડો. કેશુભાઇ દેસાઇને આ ઉપરાંત હિન્દી સાહિત્ય સંમેલન પ્રયાગનું સર્વોચ્ચ સન્માન 'સાહિત્ય વાચસ્પતિ' પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

- સાબરકાંઠા જિલ્લાના કવિ પ્રતાપસિંહ રાઠોડ 'સારસ્વત' નો અમૃત મહોત્સવ પ્રાંતિજ ખાતે સાંસદ દીપસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને અને કવિ દલપત પઢિયાર, ડો. કિશોરસિંહ સોલંકી, પ્રિ. પ્રતાપસિંહ સોલંકી અને મહેન્દ્ર અમીનના મુખ્ય મહેમાન પદે યોજાઇ ગયો, જેમાં 'પ્રતાપસિંહ રાઠોડ અભિવાદન ગ્રંથ'નું વિમોચન કરવામાં આવ્યું, જેમાં જયેન્દ્રસિંહ રાઠોડે સ્વાગત પ્રવચન કરી, ડો. પ્રેમજી પટેલે આભાર દર્શન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલ્પેશ પટેલે કર્યું હતુ.

- ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે 'દર્શક : વ્યક્તિતા અને સર્જકતા' વિશેનો પરિસંવાદ યોજાઇ ગયો. જેનું ઉદ્ઘાટન કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણે કર્યું. અને તેની ભૂમિકા ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને કવિશ નીતિન વડગામાએ બાંધી હતી. તેનું બીજરુપ વ્યકતવ્ય મનસુખ સલ્લાએ આપ્યું હતું જયારે 'મારી વાચનકથા' વિશે કિરીટ દૂધાતે તથા રમેશ ર. દવેએ વિવિધ નવલકથાઓની પાત્રત્રિપુટી વિષે વકતવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન મનોજ જોષીએ કર્યું હતું. જયારે બીજી બેઠકમાં 'દર્શક'ની ઐતિહાસિક નવલકથા, 'દીપ નિર્વાણ' વિષે બિપીન આશરે વાત કરી હતી અને 'કુરુક્ષેત્ર' નવલકથા વિશે દીપક પટેલે કહ્યું હતું. 'પરિત્રાણ' નાટક વિષે શૈલેષ ટેવાણીએ અને 'રામાયણનો મર્મ' વિશે રતિલાલ બોરીસાગરે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ બીજી બેઠકનું સંચાલન ડો. અંબાદાન રોહડિયાએ કર્યું હતું.

- સરદારભવન ટ્રસ્ટ, વડોદરા દ્વારા, ચર્ચાચોરાનાં દૃમાં મણકામાં જાણીતા કવિ, ચિંતક અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ 'જિંદગી જિંદાદિલીનું નામ છે' વિશે રસપ્રદ વ્યકતવ્ય આપ્યું હતું. હડકેઠઠ ભરાયેલા વાણિજ્ય ભવનમાં એકઠા થયેલા ભાવકોને ભાગ્યેશભાઇએ 'રઘુવંશ' સહિત અનેક સાહિત્ય કૃતિઓનો હવાલો આપી, તેમની લાક્ષણિકતા શૈલીમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રમુખ અશ્વિનભાઇ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું જયારે મેનેજીંગ ટ્રસ્ટી અનુજભાઇ પટેલે આભાર દર્શન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના નિયામક અને કવિ હરેન્દ્રસિંહ દાયમાએ કર્યું હતું.

- જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે ૩૦૦ જેટલાં પુસ્તકોનું સર્જન કરનાર પ્રસિદ્ધ સાહિત્યકાર 'જયભિખ્ખુ'ના એમના સુપુત્ર પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઇએ લખેલા જીવનચરિત્ર પર આધારિત નાટક 'અક્ષરદીપ' ના અજવાળે આલ્યો એકલવીરનું મંચન કરવામાં આવ્યું જે અન્વયે 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રેયાંસભાઇ શાહ અને બાહુબલિ શાહે દીપ પ્રાગટ્ય કરી આરંભ કર્યો. પ્રસ્તુત ગ્રંથનો પરિચય આપતાં બાલકૃષ્ણ દોષીએ જણાવ્યું કે : 'મે ઘણાં ચરિત્રો વાંચ્યા છે, પણ આવું ચરિત્ર કરાયેક વાંચ્યું નથી.' ડો. ચંદ્રકાન્ત મહેતાએ જણાવ્યું કે : 'આ ચરિત્ર કલમથી નહીં,પણ હૃદયમાં કલમ ડુબાડીને લખ્યું છે.' ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે : જયભિખ્ખુના જીવન વિષે આપણને એક ઉત્તમ પુસ્તક મળ્યું છે. રઘુવીર ચૌધરીએ જણાવ્યું કે : આ ચરિત્રમાં જયભિખ્ખુના બાળપણના પ્રસંગો તો લેખકની પ્રવાહી અને રસપ્રદ શૈલીનો ખ્યાલ આપે છે. ડો. કુમારપાળ દેસાઇએ કહ્યું કે : જયભિખ્ખુ પોતાની રીતે જીવ્યા, તેઓ દિલાવરીના માણસ હતા અને એમનું જીવન એ સતત અગરબત્તીની સુવાસની જેમ મલકતું રહ્યું છે. સુ.શ્રી અલ્પા શાહ લિખિત અને નિસર્ગ ત્રિવેદી દિગ્દર્શિત આ નાટકના બાદ મનુભાઇ શાહે આભાર માન્યો. સંચાલન પ્રિ. સુભાષભાઇ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

- કાવ્યસેતુ

'હાશ' મળી જાય તો બહુ છે!
વિકટ ભવરણે ભટકતાં એકલ,
કો' 'હમસફર' મળી જાય તો બહું છે!
મધદરિયે વહાણ ડૂબતાં પહેલાં,
જો તૃણસહારો મળી જાય તો બહુ છે!
અડાબીડ અંધારે ભટકી અટવાતાં,
વીજચમકારો મળી જાય તો બહુ છે!
સંબંધોમાં સહસા પડી લાંબી તિરાડ,
ઉપાય રેણનો મળી જાય તો બહું છે!
ઠોકર વાગે ને લથડતાં - પડતાં જ,
'ખમ્મા' ખમકાર મળી જાય તો બહું છે!
અફાટ રણે ઉછળે ઘેલાં મૃગજળ,
'બંધન' - કિનારો મળી જાય તો બહુ છે!
અસ્થિર જીવનની આ ભાગદોડમાં જો,
દધિ, કયાંક 'હાશ'! મળી જાય તો બહુ છે!

- મૂળજીભાઇ પરમાર

- ગઝલ

છલકતું હરદમ
વન તને રાખવું છે મધુર મહેકતું હરદમ
બીજના કાનમાં નામ લીલું રોપ્યું હરદમ
ટહુકતું ગગન તો પંખીના ગીતે નાચે
વાદળે વાજુ ફૂલોનું વગાડ્યું હરદમ
ડૂબતા સાગરે ટપક ટપકતું બિંદુ પળ બની
જિંદગીનું 'ઉપવન રે' છલકતું હરદમ
કેસરી રંગો વન ફરીથી મહેંક્યું હરદમ
થૈ પુષ્પ મહોર્યું જિગરે પાછું હરદમ
બંધ કરજો કાગળ તણા ફૂલનો સજાવતે
એક દિન નો રાજવી બનશે ફૂલડું હરદમ.

- ડો. પ્રદીપ આઝાદ

# વૃદ્ધો ને બાળકો સરખા ઘડી-ઘડીમાં રિસાય જાય, અમારા આ દાદાનું પણ એવું કયારેક રિસાયને શાંત બેસી જાય તે ન કહેવાય

## લેન્ડલાઇન ફોન
## હળવો લેખ

- અનંત ન. વ્યાસ

'હજી તમારા ઘરમાં આ લેન્ડલાઈનનું ડબલું રાખો છો?'

મિત્રે મજાકમાં પૂછ્યું.

'અરે ભાઈ, તેને ડબલું ના કહો. એ તો ફોન કુટુંબનો સિનિયર મોસ્ટ મેમ્બર છે. દાદાજી જ કહો... ઘરમાં બાળકો હસતા રમતા હોય. આવન જાવન કરતા હોય. ત્યારે ઘરના વડિલ શાંત બેસે. તેમાં ઘરમાં ચાર-પાંચ મોબાઈલની રિંગો વાગતી હોય, ત્યારે તો ફોન દાદા શાંત બેઠા હોય છે પણ છોકરાઓ તો રખડું, નામજ મોબાઈલ લે સૌ બહાર હોય ત્યારે ઘરની વાતચીતનું ધ્યાન તો આ ફોન દાદા જ રાખે.' એ ભલે ઉંમરમાં વડીલ હોય પણ હજુ સ્વભાવે તો સાવ બાળક જેવા જ. વૃદ્ધો ને બાળકો સરખા ઘડી-ઘડીમાં રિસાય જાય. અમારા આ દાદાનું પણ એવું કયારેક રિસાયને શાંત બેસી જાય તે ન કહેવાય. કયારેક કલાક - બે કલાકે રીત ઊતરે ને ઉચડો તો રિંગ-ટોન આવે. કયારેક વહાલની ટપલી મારવી પડે. પણ એ બરાબર સમજે. હમણાં થોડાં દિવસ પર જરા જોરથી ટપલી મરાઈને પછી - સાંજે ફોન આવ્યો. વાત હજી તો ચાલી ત્યાં વચ્ચે 'કટ' દાદા શાંત - રિસાય ગયા. વાતચીત અધુરી રહી ગઈ. અને આ ફોન દાદા જરા સંવેદનશીલ પણ ખરા માણસ સાથે રહી માણસ જેવા બની ગયા છે. એ વાત કરનારને તુરત ઓળખી જાય. જુવાનો કાલ રાત્રે માટે ત્યાં વડોદરાનો ફોન હતો. વાત કરારે સંદેશો આપવાનો હતો તે કહે, 'કાકા... આપણા શાંતા ફઈ હતાને... ને પણ ફોનને ને મને ધ્રાસકો પડ્યો. શું થયું શાંતા ફઈનું...' ફોન બિચારો એટલો તો ગભરાઈ ગયો કે ગળામાંથી અવાજ જ નીકળે, મેં ઘણી રાડો પાડી. કે શું થયું?

પણ ફોન તે ફોન બરાબર ગળું ભરાઈ આવ્યું. જરા કાને માંડો તો ડૂસકાં... ગણગણાટ... ફોન દાદાને જરા આશ્વાસન આપ્યું કે ભાઈ મને સમાચાર તો સાંભળવા દે. કદાચ તાત્કાલિક જવું પડે.. માંડ માંડ અર્ધા કલાકે તે શાંત થયો. ડૂસકાં ઘટ્યા. જો સામેથી વાત જોડી તો સમાચાર હતા. શાંતા ફઈ અમેરિકા ગયા.

અમારા આ ફોનને વારંવાર આપણી મશ્કરી કરવાનું મન પણ થાય. જમવા બેસો. માંડ એકાદ કોળિયો ગળે ઉતરે ત્યાં ઘંટડી વાગે... દોડીને લો... તો ચૂપ... ન અવાજ ન જવાબ. કયારેક તો બે-ત્રણ વાર દોડવું પડે ત્યારે આ ફોન દાદા મુંછમા હસે... કાં કેવા દોડાવ્યા.... પણ સાથે એ સમજુ છે રાત્રે કયારેક ઉઠાડે નહિં. તમે ગમે તેટલાં યત્ન કરો તો પણ એ ધીરગંભીર પુરુષ સમજે કે નિંદ્રામાં ખલેલ કરવી તે થાય છે. રાતભર નિરાંત સુવા દે પણ જો બપોરનું ભોજન લઈ લાંબા થયા તો તેને તુરંત ઈર્ષા થનાવી. માંડ માંડ ઝોકું આવ્યું હોય ત્યાં જોરદાર રિંગટોન વાગે ને જયાં ફોન ઉપાડીએ ત્યાં 'ફલાણી બેન્કમાંથી બોલું છું. એમ કહી કહી આપણા માટે જ અનેક આધુનિક સુવિધા પાથરી દેતા કોઈને કોઈનો ફોન હોય.' જાતજાતની યોજનાઓ... બસ થોડુ મુડીરોકાણ કરો તો તરી જશોનું આશ્વાસન મળે ત્યારે કહેવાનું મન થાય. ભાઈ અત્યારે તો સુવા દે.'

ફોન કરનાર પણ કયારેક કમાલના હોય છે બે દિવસ પહેલા રાત્રે ફોન આવ્યો. 'પટેલ કાકા' કાકાને હોસ્પિટલ લઈ ગયા છે. તમે જલદી પહોંચો'ને બસ ફોન મુકાઈ ગયો. રોંગ નંબર કહેવા જેટલો સમય પણ ન મળ્યો. હવે પટેલ કાકા હોસ્પિટલ કયારેક પહોંચ્યા તે શું ખબર...ને જેવો આ ફોન તેવા જ ત્યાંના કર્મચારીઓ...

હવે વ્યક્તિગત તો વાત થતી નથી. તમારી કોઈ ફરિયાદમાં 'ટેપ' જ સાંભળવા મળે. તમે જયાં નંબર ડાયલ કરો કે થોડીવારે મધમીઠા મંજુલ અવાજે સાંભળવા મળે, 'આપ' જે નંબર પર વાત કરવા માગો છો તે નંબર અસ્તિત્વ ધરાવતો નથી' તમે ઘડીભર તો નવાઈમાં ડૂબી જાવ. હજી ગઈ કાલે જે નંબર પર વાત કરી હોય તે રાતભરમાં અસ્તિત્વ ગુમાવે. જરા વધારે ચોકસાઈથી એજ નંબર ડાયલ કરો તો સાંભળવા મળે, 'આપ કયુ મેં હૈ જરા ઈન્તજાર કરે' આ 'કયુ' માં હોવાથી તમો ઘડી પર ફોન કરો પણ માળી કયૂ તો લંબાતી જાય. એક વખત હું અર્ધ કલાક 'કયૂ'માં હતો. કંટાળીને ફોન મુકી મોબાઈલ લીધો તો વાત થઈ. કેવી કયૂ કે કેવી વાત... આ તો બીએસએનએલની બનાવટ....

લેન્ડ લાઈનનું ત્રીજું ડગલું પણ અટપલું માનો કે ફોન બગડ્યો એ માનવાની વાત નહિ પણ હકીકત હોય છે ત્યારે ફરિયાદ માટે ભુલભૂલામણીમાંથી પસાર થવું પડે. પહેલા તો એક નંબર પર ફરિયાદ નોંધાવી હશે. જરા વધારે અટપતું થયું છે. વળી વાત તમો કરતા હો ત્યાં કોઈ ત્રીજાનો અવાજ વચ્ચે આવે કે કાં અન્ય બે જણની વાતો તમારે કાને પડે તો ગભરાવાનું નહીં એ તો તમારા જ્ઞાનની વિશાળતા માટે જ પ્રયત્ન ગણવા. કયારેક કોઈની ખાનગી વાત જાણવા મળી જાય તો દુરઉપયોગ ન કરવો. પણ આપણા ફોન દાદા સામે જોઈ વિચારવું કે જેમ તમોએ કોઈની ખાનગી વાત સાંભળી છે તેમ તમારી ખાનગી વાત પણ નિષ્પક્ષ ભાવે આ ફોન ગમે તેને સંભળાવશે માટે ડાહ્યા હો તો લેન્ડલાઈન પર માત્ર હસીમજાકની સામાન્ય વાતો કરવી. ખાનગી વાત તો ન જ કરવી અને તમે મોકલાવેલ સંદેશો જો તે વ્યક્તિને મળશે જ તેવું ધારી ન લેવું. ગમે તે તો એ વડીલ વૃદ્ધ થયા છતાં.